જૈન ધર્મ પ્રવેશ પોથી.

ભાગ ૩ જાના અર્થ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

બાલ જૈન વિદ્યાર્થીઓને વાંચવા માટે.

ઉત્તમોત્તમ પુસ્તક.

[illegible]

શ્રી મહાવીર જીવન.

વિસ્તાર સહિત.

આ પુસ્તક જૈન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જૈન [illegible] આ પુસ્તકને [illegible] [illegible] [illegible] [illegible] કિંમત ૦-૮-૦

લખો:—

મેસર્સ મેઘજી હીરજીની કું.

પાયધુની મુંબઈ.

શ્રી જૈન ધર્મ પ્રવેશ પોથી

ભાગ ૩ જા ના અર્થ.

ખંડ ૧ લો.

પાઠ ૧ લો

દિનકૃત્ય=દિવસના કાર્ય
અલ્પ=થોડી
શય્યા=પથ :.
સાધર્મી=સહધર્મી, શ્રાવક ધર્મવાળા
ધર્મ જાગરણા=હું કોણ, મારી જાતિ, કુળ, દેવ, ગુરૂ, ધર્મ ક્યાં છે એવો વિચાર જાગતાંજ કરવો તે ધર્મ જાગરણા.
તિક્રમણ=પડિક્કમણું
ચૌદ નિયમ=સચિતાદિક ચૌદ નિયમ પાળવા તે
પચ્ચખાણ=નિયમ
દેહચિંતા=શરીર સંબંધી હાજતો
સમારી=વાળી, સાફ કરી.
કેશ=વાળ
ન્હાવણ=સ્નાન, નહાવું તે.
લલાટ=કપાળ
તિલક=ટીલું
ગુરૂવંદના=ગુરૂને પગે લાગવું તે
આચરે=કરે
અણુ=જરા
સ્વાધ્યાય સઝ્ઝાય
નિર્દોષ=દોષ વિનાનું

આશાતના=અપમાન
પરહરે=ત્યાગ કરે, છોડી દે.
કાયરપણું=નિર્બળતા
નિર્વાહ=પોષણ
અતિથી=પરોણો, અભ્યાગત.
આદર=સત્કાર, માન.
ઉચિતાચાર=યોગ્ય વર્તણુંક
અવસર=વખત
પરિતાપ=ચિંતા, દુઃખ.

સમજુતી—પ્રથમ થોડી નિદ્રા લઇને ધર્મની રીતથી જાગે અને શય્યામાંથી ઉઠતા હું કોણ છું? અને ક્યારે સૂતો હતો? એ વિચારે, વળી શય્યામાં નવકાર મંત્રનું સ્મરણ કરે. હે સાધર્મી બંધુઓ તમે શ્રાવકનું જે એવું દિવસનું કર્ત્તવ્ય છે તે સાંભળો. ૧

એ પ્રમાણે ધર્મ જાગરણા કરીને પછી પ્રતિક્રમણ કરવું, તથા પછી ચૌદ નિયમો ધારવાને હેતથી પચ્ચખાણ કરે પછી શારીરિક ક્રિયા કરી શુદ્ધ થઇ અને દાતણ કરે એ પ્રમાણે શ્રાવક બંધુઓનું દિવસનું કાર્ય છે તે હે સાધર્મી બંધુઓ તમે સાંભળો.

પછી વાળને સારી રીત ઓળે, અને ચોખ્ખા જળ સ્નાન કરે, પછી કપાળ સુંદર તિલક કરીને ભગવાનની પૂજા કરવા જાય, અને ગુરૂજીને વંદણા કરે કે જેથી જરા પણ દોષ થાય નહીં હે શ્રાવક બંધુઓ એ પ્રમાણે શ્રાવકનું દિવસનું કર્ત્તવ્ય છે તે તમે સાંભળો ૩

પછી સઝાય ધ્યાન સામાયિક વગેરે કરીને દોષરહિત ભોજન કરે છે, અને દે ગુરૂ, તથા જ્ઞાન એ સર્વને આશાતના (અપમાન)ને ત્યાગ કરે છે, વળી દેવનું

સભાળવાને કાયરતા રાખતા નથી હે સાધર્મી બધુઓ એવું શ્રાવકનું દિવસનું કર્ત્તવ્ય છે તે તમે સાભળો. ૪

પ્રમાણિકપણાથી ઉદ્યોગ કરીને ઘરનું પોષણ કરે છે, તથા સાધર્મી બંધુઓનો તથા પરોણાઓનો આદર સત્કાર કરે છે, સર્વ સાથે યોગ્ય રીતે ચાલીને જશ વધારે છે, હે સાધર્મી બધુઓ એ શ્રાવકનું કર્ત્તવ્ય છે તે તમે સાભળો. ૫

સાઝે પડિકમણું કરી વખતનો વિચાર કરી શુદ્ધ શય્યામા સુએ છે અને ચિંતાથી જાગતા નથી એવી રીતે શ્રાવકનું કર્ત્તવ્ય કરવાથી ચાર ગણું પુણ્ય બંધાય છે હે સાધર્મી બંધુઓ એવું શ્રાવકનું દિવસનું કર્ત્તવ્ય તમે સાંભળો ૬

પાઠ ૨ જો.

દેરાસર=જૈનમંદિર
રાહ=વાટ
પ્રતિમા=મૂર્ત્તિ
પતાવી દેવું=પૂરૂં કરી દેવું
ભાવના=મનોવૃત્તિ
હોશ=ઉમગ
પરિણામ=મનના વિચાર
સચિત્ત=જીવવાળું
મસ્તક=માથું
સ્તવન=સ્તુતિ
બિંબ=મૂર્ત્તિ
પ્રદક્ષિણા=ચારે તરફ ફરવું તે
વેઠ=રાજાનો લાગો

પાઠ ૩ જો.

ચાલાક=હુંશિયાર
પસંદ નથી=ગમતું નથી
ક્રિયા=કામ
ભુંસાઇ જવા=લુછાઈ જવા, મટી જવા.
વાસી=જુનો
બહાનું=ઢોગ
મિત્રતા=દોસ્તી

પાઠ ૪ થો.

પાડોશમાં=પડખામાં
જુગાર=જુગટું
ઝાંખો=ઝીલો
કર્મયોગે=કર્મની સત્તાથી
અવશ્ય=જરૂર
દુરાચાર=ખરાબ વર્ત્તણુંક
દુર્ગુણી=નઠારા ગુણવાળા
ધિક્કાર=તિરસ્કાર, ફિટકાર
પસ્તાવો=ખેદ

પાઠ ૫ મો.

વ્યાખ્યાન=વખાણ
આસ્તિક=શ્રદ્ધાવાળો
ઉચાટ=ફિકર, ચિંતા.
નરક=નઠારી ગતિ
પ્રવીણ=હુંશિઆર
આલોવાયછે=પાપનો પસ્તાવો થાય છે,
નિર્મળ=ચોખ્ખું
પ્રખ્યાત=પ્રસિદ્ધ

પાઠ ૬ ઠો.

સદા=હમેશાં
સંપે=હળીમળીને
ડરો=બીક રાખો
પાપ ભયથી=પાપની બીકથી
તપસ્યા=તપ
ભવ=અવતાર, જન્મ,
ધીરા=હિમતવાન
ટેક=નિયમ
દુંખકર=દુઃખ આપનાર
સુખકર=સુખ આપનાર
વિપત્તિ=દુઃખ
ભાવ=હોશ, પ્રીતિ.
દોષ=પાપ
મહિમા=મોટાઇ

સમજુતી—હે સહધર્મી શ્રાવક બંધુઓ, તમે સદા હળી મળીને ચાલો અને વિનય (નમ્રતા)રાખીને સારા ગુણનો વધારો કરો; દિલમા દયા રાખો અને પાપની બીક મનમાં રાખી ડરો; તપના બળથી ચોખ્ખા થઇને કર્મનો નાશ કરો. હે સહધર્મી બંધુઓ એવું કરીને શ્રાવકનો

જન્મ મળ્યો છે તે સુધારો, ૧

સાચા વચન બોલવાની હમેશ ટેક (નિયમ) રાખજો, અને સારા સારાં કામ કરો અને મહા દુઃખ આપે એવી પીડાઓને પણ ગણો નહીં હે સાધર્મી બંધુઓ એવું કરીને શ્રાવકનો જન્મ મળ્યો છે તે સુધારો (સફળ કરો.) ૨

હેત રાખીને શ્રી જીન ભગવાનની પૂજા કરો, તથા પાપ ટાળીને મોટેરા (વડીલ) ની ભક્તિ કરો; વિદ્યા કે જેનો મહિમા ઘણો મોટો છે તેનો વધારો કરો. હે સાધર્મી બંધુઓ એ પ્રમાણે કરીને શ્રાવક જન્મ સફળ કરો. ૩

ખંડ ૨ જો.

પાઠ ૭ મો.

નીતિ=ન્યાય, ઈન્સાફ.
કમાવવો=પેદા કરવો
વિશ્વાસી=ભરોંસાવાળા
છેતરીને=ઠગીને
ઉપભોગ=ભોગવવું તે
સત્પાત્ર=સારો લાયક માણસ
કલ્યાણ=ભલું, સારૂં.
અનીતિ=અન્યાય
સખાવત=ઉદારતા, દાન.
લેખે થાય છે=સફળ થાય છે
ઉદાર=મોટા મનનો
કમાણી=પેદાશ
ઉપકાર=પાડ
પ્રમાણિકપણું=નીતિ
પાલન=પોષણ
દાનત=મનની વૃત્તિ
ઈનામ=બક્ષીસ

પાઠ ૮ મો.

વિવાહ=લગ્ન
સંબંધ=સગપણ, સગાઈ.
કુળ=વંશ
વ્યવહાર=ઘરનો આચાર
મદિરા=દારૂ
સેવન=ઉપયોગ
પ્રચાર=રીત; રીવાજ
રૂપ=સુંદરતા
વય=ઉમર
ઉત્તમ=શ્રેષ્ઠ, સૌથી સારો.
દુરાચાર=નઠારી વર્તણુંક
ઘડો=બોધ
યોગ્ય=લાયક
વેવિશાળ=વિવાહ કરવાનું વચન આપવું તે
મિથ્યાત્વી=ખોટાને ખરૂં માનનાર.
પિયર=સ્ત્રીના બાપનું ઘર, મહિઅર
વિરોધ=વેર

પાઠ ૯ મો.

સદાચાર=સારાં આચરણ
પ્રશંસા=વખાણ
વૃદ્ધ=ઘરડા
અપવાદ=નિંદા
ઉદ્ધાર=બચાવ, રક્ષણ.
આદર=માન, લાગણી.
વિરૂદ્ધ=ઉલટો
વાંધો=તકરાર
બતાવવું=મટાડવું.
પક્ષપાત=તરફેણ.
ખુન=માણસની હત્યા
નિરપરાધી=અપરાધ વિનાનો
મશલત=એકાંતવિચાર, વાતચીત.
નિર્દોષ=દોષ વિનાનો
નિંદા=નઠારૂં બોલવું તે.
વિપત્તિ=દુઃખ
સંપત્તિ=દોલત
નમ્ર=વિનયી
વાદ=તકરાર

આગ્રહ=મમત
ગાફેલ=બેદરકાર
અનુસરે=તે પ્રમાણે ચાલે
લાયકાત=સારી વર્તણુંક

પાઠ ૧૦ મો.

શત્રુ=દુશ્મન, વેરી
કામ=સ્ત્રીની અયોગ્ય ઇચ્છા
ક્રોધ=ગુસ્સો
લોભ=લાલચ
માન=અહંકાર
મદ=ગર્વ
હર્ષ=રાજી થવું તે
મગરૂર=ગર્વિષ્ટ.
બાતમીદાર=છાની ખબર આપનારો.
પધાર્યા=આવ્યા
અચંબો=નવાઈ
અંતરના=મનમાં રહેલા
પ્રયાસ=પ્રયત્ન, મહેનત

પાઠ ૧૧ મો.

વિકાર=ફેરફાર
આસક્ત=તલ્લીન
વિપત્તિ=દુઃખ
સંપત્તિ=આબાદી, દોલત
કબજે=તાબે
દીક્ષા=સંસાર ત્યાગ કરવો તે
અનુસાર=પછવાડે
મોહ=પ્રીતિ
તલ્લીન=આસક્ત
આશક=મોહાંધ
હજુરી=રાજાની પાસે રહેનારા માણસો
પત્તો=શોધ

પાઠ ૧૨ મો.

મરકી=કોઇ જાતના રોગથી ઘણા માણસ મરે તેવો રોગ
વિરોધ=કજીઓ, વેર.
સમાવવાને=શાંત પાડવાને
બંડ=તોફાન, ફિતૂર.
સ્વધર્મી=પોતાના ધર્મના

નિવાસ=રહેઠાણ, વાસ.
ટેક=નિયમ
જપ્ત=કબજે
બળવાખોર=બંડકરનાર, હુલડ કરનાર.
પધરાવી=બેસારી
બાધા=નિયમ
અનશન=ખાવા પીવાનો ત્યાગ કરીને રહેવુ તે.

પાઠ ૧૩ મો.

બાંધણી=ગોઠવણ
ગીચ=ઠાંસોઠાંસ, ભરાવ.
હેરાનગતી=પીડા
ગેરલાભ=નુકશાન
નાપાસ=અભ્યાસમાં નાલાયક ઠરેલ.
ધમકી=ડારો, બીક
વટલાયો=અભડાયો

પાઠ ૧૪ મો.

ફળ=પરિણામ
વંઠી ગયો=ખરાબ થઇ ગયો
નકામા=ફોગટ
નિર્વાહ=ગુજારો, ગુજરાન
બાળમિત્ર=નાનપણનો મિત્ર
કુચાલ=ખરાબ વર્તણુંક
છુપું=છાનું
હિત=ફાયદો, સારૂં.

પાઠ ૧૫ મો.

હાનિ=નુકશાન
દેશાચાર=રીવાજ
રૂઢિ=પરંપરાનો રીવાજ
વિરોધ=વેર, અભાવ.
ત્યાગ=છોડી દેવું તે
સ્વતંત્રપણે=મરજીમાં આવે તેમ.
વતન=પોતાનું રહેઠાણ
પ્રસંગ=અવસર, વખત.
મુડદું=મડું, શબ.
રૂદન=રોવું તે
વિરૂદ્ધ=ઉલટું

પ્રતિજ્ઞા=પણ, નિયમ.
શ્મશાન=મસાણ

પાઠ ૧૬ મો.

નિંદા=બદબોઈ, વાંકુ બોલવું તે.
બડાઈ=મોટાઇ
નીચ=હલકું
ગોત્ર=કૂળ
અવતરે=જન્મે
અવગુણ=દુર્ગુણ
ત્રાસ=ડર, બીક
ચર્ચા=રીતભાત, બાતમી.

પાઠ ૧૭ મો.

આવક પેદાશ
ભરણપોષણ=ગુજરાન
ઉપભોગ=ભોગવવું તે, કાર્ય.
બચાવી=એકઠું કરી
અતિશય=ઘણું
ભોળો=કપટ વિનાનો
ગોટાળો=ગડબડ
વિશ્વાસી=ભરોંસાવાળો
વાણોતર=ગુમાસ્તો
ખાદ=નુકશાન
ખાડો=ખોટ
ચિંતાતુર=ફિકરવાળો
મિલકત=દોલત

પાઠ ૧૮ મો.

સ્થિતિ=હાલત
પહેરવેશ=પોશાક
સાંપડતું=મળી શકે તેવું, શક્તિ પ્રમાણે,
હાંસી=મશ્કરી
અઘટિત=અયોગ્ય
ધનવાન=પૈસાદાર
રાંક=ગરીબ
અપમાન=ગેરઆબરૂ
દુર્ગંધ=ખરાબ વાસ
ખાળ=મોરી

દયાળુ=રહેમવાળો

પાઠ ૧૯ મો.

ન્યાયથકી=ઇન્સાફથી, નીતિથી
સામાન્ય=સાધારણ
અન્યગોત્ર=બીજું કુળ
સદાચાર=સારો આચાર
શ્રાવકસુત=શ્રાવકનો દીકરો
તત્પર=તૈયાર
વિઘ્ન=હરકત, દુઃખ.
સગવડ=ગોઠવણ
રાજપ્રમુખ=રાજા વગેરે
વૈભવ=મોટાઇ
આછકલાઈ=હલકાઈ, છેલાઈ
શીળ=શીયળ, વર્તણુંક.

સમજુતી—જે નીતિથી પૈસો પેદા કરે, કુળમા અને સદ્ગુણમાં પોતાના જેવા હોય તેવા બીજા કુળમાં વિવાહ કરે, સદાચારને જે હમેશાં વખાણે, અને મનમાં રહેલા ૬ શત્રુઓને મારે તેજ ખરેખરો શ્રાવકનો પુત્ર છે અને તેજ જૈનધર્મને લાયક છે. ૧

જે ઇંદ્રિઓને તાબે કરવામાં તૈયાર રહે, અને સંકટવાળાં ઠેકાણાંનો ત્યાગ કરે, જ્યા ગોઠવણ હોય અને સારો પાડોશ હોય ત્યા ઘર બાંધીને રહે. પાપથી જે બીએ, દેશાચાર (દેશના રીવાજ) જે હેતથી પાળે તેજ ખરેખરો શ્રાવકનો પુત્ર છે અને તેજ જૈન ધર્મને લાયક છે. ૨

જે કોઇ દિવસ બીજાની નિંદા કરે નહીં, તેમાં પણ રાજા વગેરે મોટા માણસોની તો કદિપણ નિંદા કરેજ નહીં. વળી આવકની તપાસ રાખીને તે પ્રમાણે ખર્ચ કરે, પોતાની સ્થિતિ પ્રમાણે પહેર-

વેષ રાખે, અને વેષમા જરા પણ આછકલાઇ (ટાપટીપ–હલકાઈ) રાખે નહી તેજ ખરેખરો શ્રાવકનો પુત્ર છે, અને તેજ જૈન ધર્મને લાયક છે. ૩

પાઠ ૨૦ મો.

સેવા=ચાકરી
ઉપકારી=ઉપકાર કરનાર
કાળ=વખત
આજ્ઞા=હુકમ
યોગ્યતા=લાયકી
ઓળંગવું=નિયમથી બહાર જવું.
સિંહાસન=બેઠક
આચાર્ય=ધર્મગુરૂ
લાડ=પ્યાર
અશક્ત=નિર્બળ, શક્તિ વગરનાં.
કરગરીને=કાલાવાલા કરીને
કુપુત્ર=નઠારો છોકરો
દરકાર=ચિંતા
માડમાડ=પરાણે
તોરી=તોરવાળો, મમતી.
લ્હેરી=મનમોજી
અકસ્માત=અચાનક બને તે બનાવો.
ઝંપલાતો=પડતો
સામેલ=સાથે
ઘાયલ=જખમી
મુશીબત=મુશ્કેલી
પસ્તાવો=ખેદ
અફસોસ=પસ્તાવો
ઉછાછળા=કહ્યું ન માનનારા
પ્રાણ=જીવ

પાઠ ૨૧ મો.

કદર જાણવી=બૂજ કરવી; યોગ્યતાની પરીક્ષા કરવી, લાયકાત જાણવી.
ઉત્તમ=શ્રેષ્ઠ
જીવિત=જીવતર, જીંદગી.

અમૃત જેવું=મીઠું
બોધદાયક=શિખામણ આપે તેવો.
પવિત્ર=પાપરહિત, ચોખ્ખા.
બૂઝાવી=ઓલવી, ઠારી
અવસર=વખત
મજબૂત બાંધો=શરીરની મજબૂતી
ધોધબંધ=ઝપાટાબંધ, ખૂબ
પ્રશંસા=વખાણ

પાઠ ૨૨ મો.

આરોગ્યતા=સુખાકારી
પચ્યો=હજમ થયો
અપચો=ખાધેલું પાચન ન થાય તે.
અજીર્ણ=અપચો, ખાધેલું પાચન ન થાય તે
કોહી ગયેલી=સડી ગયેલી, ઉતરી ગયેલી
રૂચિ=ઇચ્છા
ઓડકાર=ઓઘરાઈ
મૂર્છા=ચકરી, બેભાનપણું.
બકવાદ=જે તે બોલ્યા કરવું તે
ઉલટી=હુબકો, વામીટ.
બેચેની=અસુખ
સનેપાત=બકવાદ
ભુખાળ=ખાઉધરી
વૃત્તિ=મનનું વલણ
યજમાન=ગૃહસ્થ
સાવધાન=હુંશિઆર

પાઠ ૨૩ મો.

તબીઅત=પ્રકૃતિ
બુરી=ખરાબ, નઠારી.
વાણોતર=ગુમાસ્તા
ખાણું=ભોજન
બેવખત=વખત વિનાનું
નિયમસર=નિયમ પ્રમાણે

પાઠ ૨૪ મો.

વૃદ્ધ=ઘરડા
સેવા=ચાકરી
ચડીઆતા=વધારે

પ્રવર્તાવતો=પ્રેરણા કરતો, ચલાવતો.
જડ=મૂર્ખ
અનેક=ઘણા
પ્રભાવથી=મહાત્મથી,પ્રતાપથી
ઉત્તમ=સારા, શ્રેષ્ઠ
પ્રગટ થઈ=દેખાઇ

પાઠ ૨૫ મો.

નિંદવા યોગ્ય=નઠારાં
અનાદર=તિરસ્કાર
પરસ્ત્રી=પારકી સ્ત્રી
કાયા=શરીર
કુલીનપણું=ખાનદાની,ઉંચુકુળ
હલકો=નીચો
સંઘ=સમુદાય
ગૃહસ્થ=સારો માણસ
દુર્ગુણો=નઠારા ગુણો
ધારણા=ઇચ્છા
વેશ્યા=નાયકા
જડતી=તપાસ
લલચાયો=લોભાયો
ફજેતી=બેઆબરૂ
વસુલ કરાવ્યું=લીધું
ગુમાવી=ખોઈ

પાઠ ૨૬ મો.

અવશ્ય=નિશ્ચય
સગાંવહાલાં=સંબંધી
આશ્રિત=આપણે આશ્રયે આવી રહેલા.
નીતિ શાસ્ત્ર=ન્યાય શાસ્ત્ર
સંતાન=છોકરાં
કુલીન=કુળવાન
સત્કીર્તિ=સારી આબરૂ
સાધારણ=મધ્યમ
આશ્રય=મદદ, આધાર.
દુકાળ=નઠારો વખત, જે વખતમાં અનાજ ન પાકે તે વખત.
નભાવ=ગુજરાન
એકાંતમાં=ખાનગીમાં

અન્નદાન=અનાજ આપવું તે
અનાથાશ્રમ=(અનાથ+આશ્રમ)
અનાથ=ગરીબ
આશ્રમ=સ્થાન, ગરીબ માણસને આશરો આપવાનું સ્થાન
પ્રસરી=ફેલાઇ

પાઠ ૨૭ મો.

અવિચાર=વિચાર કર્યા વિના
નિવેડો=નિશ્ચય, નિર્ણય, ઠરાવ
અસ્ત થયા=આથમ્યા
મસલત=વાતચીત
પોલીસ=માણસોનું રક્ષણ કરનાર સિપાઇઓ.
ચકલો=પોલીસનું થાણું
આજીજી=કાલાવાલા
સહસા=વગર વિચાર્યું

પાઠ ૨૮ મો.

આબાદી=સારી સ્થિતિ
કલ્યાણ=સારૂ, ભલું.
વ્યાકુળ=દુઃખી, ગભરાયેલું.
સ્વસ્થ=શાંત
ચિંતાતુર=ફિકરમંદ
શોષાઇ=સુકાઇ
ઉદ્ધાર=બચાવ
સારી ગતી=શુભ સ્થિતિ

પાઠ ૨૯ મો.

દયા=રહેમ. કરૂણા.
મુંઝયો=અકળાયો
જડતા=મૂર્ખાઇ
અમૂલ્ય=જેની કિંમત થઇ શકે નહીં તેવું
જતના=સંભાળ, સાચવણ.
પાંજરાપોળ=પ્રાણીઓનું રક્ષણ કરવામાટે કરાવેલું સ્થાન
કૃતાર્થ=સફળ, ધન્ય.

પાઠ ૩૦ મો.

બુદ્ધિ=અક્કલ

પૂર્વ=પૂર્વ જન્મ
પુણ્ય=સુકૃત
સદુપયોગ=સારો ઉપયોગ
ગ્રહણ કરવી=સ્વીકારવી
સંદેહ=વહેમ, શક
નિશ્ચય=દૃઢ ઠરાવ
અવળો=ઉલટો
ચાલાકી=હુંશીઆરી
મશ્કરી=હાંસી
પ્રશંસા=વખાણ
કુશળ=હુશીઆર, નિપુણ.

પાઠ ૩૧ મો.

ગુણ=સારાં લક્ષણ
પક્ષપાત=તરફેણ, સહાય
સજ્જનપણું=માણસાઇ
ઉદારતા=દાન આપવાનો ગુણ
ધીરજ=હિમત
ઠરેલપણું=સ્થિર સ્વભાવ
સિંચન=છાંટવું
ગુણી=ગુણવાન
કદર=લાયકી
રાજનીતિ=રાજ ચલાવવાના કાયદાનું શાસ્ત્ર
અરસામાં=વખતમાં
દૂત=ચાકર, ખેપીઓ.
અર્પણ કરવું=આપી દેવું
સંબંધ=સગાઈ
નાલાયક=યોગ્ય નહીં, અયોગ્ય
વિખ્યાતિ=પ્રખ્યાત

પાઠ ૩૨ મો.

માતતાત=માબાપ
સુભક્તિ=સારી સેવા
ભાવ=હોંશ
ઉમંગ=હોંશ
સદાચારી=સારા આચારવાળો
આચરો=ચાલો
સદૈવ=હમેશ
પ્રવૃત્તિ=પ્રેરણા, વિચાર.
પોષ્ય વર્ગ=જેનું ભરણ પોષણ કરવું જોઇએ, તેવા

કુટુંબાં વિગેરે.
મચો=મંડો
બંધુ=ભાઇ
દીર્ઘદ્રષ્ટિ=લાંબી નજર વિચાર
શ્રવણ=સાંભળવું તે.

સમજુતી—હે સારા જૈન ભાઇઓ! તમે માતા પિતાની સેવા હોંશ રાખીને કરો, તથા હમેશાં સારા આચરણવાળાંના સંગ કરો; વળી જે માણસ કદર(ગુણની પરીક્ષા) જાણનાર હોય તેની ઉપર પ્રીતી કરો; તે ગૃહસ્થ શ્રાવકનો ધર્મ છે તે પ્રમાણે તમે ચાલો. ૧

જો અપચો થયો હોય તો જમો નહીં, અને હમેશાં વખતસર ભોજન કરો; જ્ઞાનમાં અને ઉમરમાં જે મોટા હોય તેની હમેશાં સેવા કરો. હે સારા જૈન બંધુઓ તેવા ગ્રહસ્થ ધર્મનું તમે આચરણ કરો. ૨

કોઇ દિવસ નઠારાં કામ કરવાનો વિચાર પણ ન કરો, અને જે તમારો પોષણ કરવા યોગ્ય છે તેનું હમેશાં પોષણ કરવામા તત્પર રહો વળી સર્વે કામમાં લાંબો વિચાર કરો હે સારા જૈન બંધુઓ તે તમારો ગૃહસ્થનો ધર્મ તેનું આચરણ કરો. ૩

ધર્મનું શ્રવણ કરો, તથા દિલમા દયા રાખો, બુદ્ધિના આઠ ગુણનો ઉપયોગ કરો, અને સદ્ગુણી પુરૂષોને સહાય કરો. હે સારા શ્રાવક બંધુઓ તે તમારો ગૃહસ્થ ધર્મ છે તે તમે આચરો.

પાઠ ૩૩ મો

દુરાગ્રહ=ખોટો આગ્રહ, હઠ, મમત.

ઉલઘન=મર્યાદા ઓળંગવી તે
શરૂઆત=આરંભ
મુશ્કેલી=કઠણ પા.
ગળે પાડતા=કરવાને સમજાવતા
અન્ય દર્શની=બીજા મતના.
હિંસા=જીવોનો નાશ
અટકાવવા=રોકવા.
પક્ષ=તરફેણ.
મહાજન=સંઘ.
વિરૂદ્ધ=ઉલટો.
ઝનુની=ગુસ્સાવાળો.
જપ્ત=તાબે.
કેદખાનું=બંધીખાનું, જેલ.
વિનંતિ=અરજ.
બાધ=નિયમ.

પાઠ ૩૪ મો.

સંતોષ=તૃપ્તિ.
મુકાબલો=સરખામણી.
તફાવત=ફેર, ફરક.
વિદ્વાન=પંડિત.
નોંધપોથી=વિચારીને લખી રાખવાની ચોપડી. ડાયરી.
દાન=આપવું તે, એટલે સુત્પાત્રને કાંઇપણ આપવું તે.
શીળ=સદાચાર.
તપ=ઇંદ્રિય દમન.
ભાવ=મનનાં સારાં પરિણામ.

પાઠ ૩૫ મો.

અતિથી=અભ્યાગત, સાધુ કે બીજા કોઇ અના યાસે આપણે આશ્રયે આવ્યો હોય તે
પાત્ર=વાસણ, પાતરા
શક્તિ=સામર્થ્ય.
આદર=સત્કાર, માન
મીજબાન=મહેમાન, પરોણા.
બરદાશ=ચાકરી.
આંગણું=ફળીઉં.

રેઢા=ધણી હ.જર ન હોય તેવા
પત્તા=શોધ
આગ્રહ=ખેંચ. તાણ.

પાઠ ૩૬ મો.

ધર્મ=દુર્ગતિમા પડતા બચાવે તે.
અર્થ=દ્રવ્ય, નીતિથી મેળવેલ દ્રવ્ય.
કામ=અભિલાષા, ઇચ્છા.
સેવવાં=પ્રાપ્ત કરી ભોગવવાં
સિદ્ધિ=પ્રાપ્તિ.
પ્રયોજન=હેતુ.
લક્ષ્મી=પૈસા.
સત્તા=હુકમ
વિશાળ=મોટી
પોષધશાળા=પોષધવ્રત કરવાની જગ્યા.
ઘરેણા=આભૂષણ.

પાઠ ૩૭ મો.

મોજમજા=સુખચૈન
તકતા=આયના
મધુર=મીઠા
ગવૈયા=ગાયન કરનાર.
વાજા=વાજીત્ર
ખુશબોદાર=સુગંધીવાળા.
ગજરા=તુરા
મીજલસ=મંડળી.
વહીવટ=કારભાર
આશક=તલ્લીન.
ભ્રષ્ટ=પતિત, રહિત
વિષય=ઇદ્રિયો જેમા આકર્ષાય તેવી બાબતો.
નાલાયક=યોગ્ય નહીં.

પાઠ ૩૮ મો.

દેશકાળ=સમય અને સ્થાન.
વિરૂદ્ધ=ઉલટું.
બળવાન=જોરાવર.
વિજય=જીત.
બાથ ભીડવી=હિંમત કરવી.

સમતા=શાતિ.
નિર્બળતા=જોર નહિ તે, કમ જોરી, અશક્તિ
દ્રવ્ય=પદાર્થ
ક્ષેત્ર=સ્થાનક
કાળ=સમય.
ભ ળ=મનોવિચાર.
આરંભ=શરૂઆત.
શત્રુ-વેરી, દુશ્મન.
બળતો=અદેખાઇ કરતો.
મહેલ=રાજભુવન.
ફસાવવો=છેતરવો
આગ્રહ=ખેંચ. તાણ.

પાઠ ૩૯ મો.

પ્રણામ=નમસ્કાર.
પાળક=પાળનાર.
આબાદ=સારી હાલતમાં.
અદેખાઇ=ઈર્ષા.

પાઠ ૪૦ મો.

લોક=દુનિયા
વિરૂદ્ધ=ઉલટું.
અનુસરવું=મળતા આવવું.
ઢાકે=છુપાવે.
અવગુણ=દુર્ગુણ.
બે પરવાઇ=બે દરકાર,
પરવા=દરકાર. ફિકર.
કૌતુક=નવા બનાવ.
ઘોષણ=પડો, સાદ.
કુમારિકા=કુંવારી છોકરી.
મંત્રી=પ્રધાન.
યુવાન=જુવાન.
શણગારી=અલંકાર પહેરાવી.
વિદાય=રવાને.
જાવ જીવ=જીવિત સુધી.

પાઠ ૪૧ મો.

પરોપકાર=બીજાનું સારૂં કરવું તે.
સુશીલ=સારા સ્વભાવનો.
નમ્ર=વિનયવાળો

મનુષ્યભવ=માણસનો અવતાર

દુર્લભ=મહેજે ન મળી શકે તેવો

આત્મા=જીવ.

કલ્યાણ=સારૂ

વ્રત=નિયમ

કીર્તિ=આબરૂ

પાઠ ૪૨ મો

લાજ=શરમ.

ભારબોજ=વક્કર, પ્રતિષ્ઠા

પ્રતિજ્ઞા=પણ, નિયમ.

નિર્લજ=લાજ વગરનો.

શાખ=આબરૂ

ખજાનો=ભંડાર, તીજોરી

વિશ્વાસ=ભરોંસો.

પદવી=હોદ્દો, સ્થાન.

પાઠ ૪૩ મો.

ક્રૂર=ઘાતકી, ભયંકર.

ચહેરો=મુખનો દેખાવ, આકૃતિ.

નારાજ=ઉદાસ

ઉદ્વેગ=પીડા, દુઃખ

આરાધન=પૂજન

સૌમ્ય=શાંત.

ચીડીઓ=ક્રોધી.

માંગલિક=મંગળ.

માગણ=ભિક્ષુક, યાચક.

કંટાળીને=અકળાઇને.

પાઠ ૪૪ મો.

દુરાગ્રહ=ખોટો આગ્રહ.

અતિથિ=પરોણો, જે અનાયાસે ઘર ઉપર આશ્રયને માટે આવે તે.

પ્રસારો=કરો.

પરસ્પર=એક બીજાને.

બાધ=હરકત.

ત્રિવર્ગ=ધર્મ, અર્થ અને કામ

સુખકાર=સુખ કરનાર.

કુચાલ=નઠારી ચાલ.
સુકામ=તત્ત્વનું જ્ઞાન.
રૂચિ=ઇચ્છા.

સમજુતી—ખોટો આગ્રહ કરવામાં મન રાખો નહીં, તથા જ્ઞાનમાં હમેશા વધારો કરો. ઘરે આવેલા પરોણાની સેવા કરાવો. એ ગ્રહસ્થ શ્રાવકનો સારો ધર્મ છે ૧

એક બીજાને જેમ અડચણ ન થાય તે પ્રમાણે ધર્મ, અર્થ ને કામ સિદ્ધ કરો, તે ત્રિવર્ગ (ધર્મ, અર્થ ને કામ)ને માટે એ નિયમ સુખ કરનારો છે; માટે શ્રાવકોના એવો શુભ ધર્મ તમે આચરો ૨

દેશ કાળ વિચારીને ચાલો, તથા જે નઠારા રીવાજ હોય તે દૂર કરો તથા તેજ પ્રમાણે બળવાન કે નિર્બળ હોય તે પ્રમાણે પ્રચાર કરો એ ગ્રહસ્થ શ્રાવકના સારો ધર્મ છે ૩

સારાં કામ કરીને લોકોની પ્રીતિ વધારો, તથા જગતમાં પરોપકારનો ફેલાવો કરો, વળી લજ્જા તથા શાંત આકૃતિવાળો દેખાવ ધારણ કરો એ શ્રાવકોના સારો ધર્મ છે ૪

પાઠ ૪૫ મો.

મોટાઇ=વડાઇ.
ઉચું=મોટું.
સંતોષી=સંતોષવાળો.
લોકપ્રીય=લોકને વહાલો.
ચાહના=ઇચ્છતા.
ગેરલાભ=નુકસાન.
મીજબાન=મહેમાન.
ભેટ=બક્ષિસ.

પાઠ ૪૬ મો.

સંપ=સલાહ, મેળ

સંઘ=સમૂહ, સમુદાય
સંપદા=લક્ષ્મી
ડરાવે=બીવરાવે
વિઘ્ન=દુઃખ.
વિદારે=મટાડે. ટાળે
ઝુંડ=ધજા
ધ્વનિ=અવાજ
ગજાવે=કરે

સમજુતી—સમુદાયમા સંપ કરવાથી સારાંસારાં કામ થાય છે તથા સારાસારા સુધારા થાય છે. સંપથી માણસો આબરૂ ગાય છે; માટે હે શ્રાવકો તમે સાચા ભાવથી સંપ કરો ૧

જ્યાં સંપ હોય ત્યા લક્ષ્મી આવે છે, તથા સંપથી બધાં દુઃખ ટળે છે, સાચો સંપ હોય તો કોઇ બીવરાવી શકતું નથી, માટે હે શ્રાવક બંધુઓ સાચા ભાવથી સંપ કરો. ૨

સંપથી માણસો મોટાં સંકટ કાપી શકે છે, તથા સંપનું તેજ ઘણું પ્રકાશે છે. સંપથી ચાલનારા માણસો બીજાને જીતી શકે છે, માટે હે શ્રાવકો સાચા ભાવથી સંપ કરો ૩

જો સાધુઓ સંપ રાખીને ચાલે તો ખરેખરા ધર્મની ધજા તે ઉડાવી શકે છે, તથા આ ભરતખંડમા જયજયનાદ ગજાવે છે માટે શ્રાવકો સાચા ભાવથી સંપ કરો.

પાઠ ૪૭ મો.

કજીઆખોર=તોફાની, ટંટો કરનાર.
હઠીલો=આગ્રહી, મમતી
પારો=મણકો.
લોભ=લાલચ
અટકચાળુ=અડપલું.

ચીડાતો=ખીજવાતો, ગુસ્સો કરતો.
ચીડવતો=ખીજવતો
કજીઓ=ટંટો
ચાડી=કોઇની એબ કે ખોડ ઉઘાડી કરવી તે
અદેખાઇ=ઇર્ષ્યા
નિંદા=બદબોઈ
આળ=તહોમત
વર્તન=ચાલચલગત
પ્રસન્નતા=ખુશાલી, હસતું મુખ
તોછડાઇ=હલકાઈ
લાગણી=મનનું વલણ, દયાભાવ.
રઝળતો=રખડતો
વાસી=આગલા દિવસનું રહેલું

પાઠ ૪૮ મો.

વિનય=નમ્રતા
અધિકારી=યોગ્ય, પાત્ર, લાય વાળો.
આચાર=વર્તન
વડિલ=મોટેરા, મુરબ્બી
જળંદર=પેટ ફુલીને મોટું થઇ જવાનો રોગ
નિમિત્તિઓ=જોતીષી, જોષ જોનાર
મેળાવડો=સભા
મુંઝાયો=અકળાયો
કરમાઈ=જવું=સૂકાઇ જવું
ઠાઠ=ભપકો

પાઠ ૪૯ મો.

આભાર=ઉપકાર. પાડ.
વિનંતિ=અરજ
આચાર=દેશ ને કુળની ચાલતી આવેલી રીત
ભાવ=મનની સારી ભાવના
રમુજ=મજા. ગમ્મત
બેકદર=કદર વિનાનો, ગુણની પરીક્ષા ન કરી શકે તે.
નફટ=નિર્લજ

જાવજીવ=જીવિત પર્યંત
ઉપકારી=ઉપકાર કરનારા
વરદાન=મનની ઇચ્છા પ્રમાણે માગણી કરવી તે.
વૈભવ=શોભા

પાઠ ૫૦ મો.

સુત=છોકરો, દીકરો
અનીતિ=અન્યાય.
ટેક=નીયમ
મદદ ય=મદદ
નિજ=પોતાના
ધર્મ બંધુ=સ્વધર્મી ભાઈ
ઠરશે=સંતોષ પામશે

સમજુતી–શ્રાવકનો પુત્ર કોઈ દિવસ અન્યાય કરતો નથી, તથા સાચું બોલવામા નિયમ રાખીને જુઠાનો ત્યાગ કરે છે; વળી પોતાના સ્વધર્મી બંધુઓને મદદ આપીને તેમનાં દુઃખ મટાડે છે, અને હેતથી બીજાનું ભલું કરીને મનમાં રાજી થાય છે, આવો શ્રાવક ખરેખર રત્ન તુલ્ય છે અને તેનાથી સંઘની શોભા વધે છે અને તે શ્રાવકનો ધર્મ અને આબરૂ બધા દુનિઆમા ફેલાય છે.

પાઠ ૫૧ મો

જૂઠ=જુઠું, ખોટું
મુખ=મોઢે
પરધન=બીજાનું ધન
પરનાર=બીજાની સ્ત્રી
ઠગારા=લુચ્ચા
ધન=પૈસો
ધામ=ઘર
અપાર=ઘણા
રોષ=ગુસ્સો
કુધારા=નઠારા રીવાજ
અધમ=નીચ
અંગાર=દેવતા, અંગારા.

ભુડ્યા=નઠારી દશા પામ્યા

સમજુતી–જેઓ મોઢેથી ખોટું બોલે, અને નઠારાં કામ કરે, વળી પારકુ ધન અને સ્ત્રી ઠગાઈ કરીને હરી લે: તથા લોભથી દોરવાઇને ઘણું ધન મેળવે, અને ઘણાક મકાન બનાવે. તથા પરસ્પર ક્રોધ કરીને લડે, તથા નઠારા રીવાજ ચલાવે. એવા શ્રાવકોને શ્રાવક જાણવા નહીં. તેઓ શ્રાવકના અવતાર ધરીને નીચ થયા છે, તથા શ્રાવક કુળમા અંગારા (દેવતા) તુલ્ય થયા છે અને આ સંસારમા બૂડ્યા છે એમ જાણવું.

પાઠ ૫૨ મો.

આળસુ=પ્રમાદી, સુસ્ત

દોષ=વાંક.

તત્વ=સાર વસ્તુ

મરાડ્યા=રાળ્યા

પાયમાલ=નાશ, હેરાન

ખોરાક=ખાવાનું

ઉદ્યોગ=મહેનત, પ્રયત્ન

ખંતી=હોંશીલો

પાઠ ૫૩ મો.

દયાળુ=દયાવાળો. કરૂણાળુ

સંગીત=ગાયન

છડીદાર=રાજાની પાસે છડી લઇને ઉભો રહેનાર માણસ.

ચમકીને=ડરીને

પાલખી=મિઆનો, સુખપાલ

ઠકુરાઇ=રાજચિન્હ સાહ્યબી

મુલાકાત=મેળાપ

સમૃદ્ધિ=દોલત

માનપૂર્વક=માનસહિત

પાઠ ૫૪ મો.

સહેલાઈથી=ઝટ
ખંત=હોંશ
છુપી=છાની
એકલપેટો=એકલશુરો, પોતાના કાર્યમાંજ ધ્યાન રાખનાર
ફતેહમંદ=વિજયી

પાઠ ૫૫ મો.

વાત્સલ્ય=પ્રેમ
સાધર્મિ=પોતાના ધર્મના
સાધર્મિવાત્સલ્ય=પોતાના ધર્મ બંધુઓ તરફ સદ્‌ભાવ રાખીને જે સહાય આપવી તે.
સાધન=ઉપાય
યોજવા=કરવા
વિદ્યાગૃહો=જે સ્થળમાં વિદ્યાર્થીઓ રહીને વિદ્યા મેળવી શકે તેવાં ગૃહો, બૉર્ડીંગ સ્કુલ.
ખાનપાન=ખાવાનું
સુધારક=સુધારો કરનાર
હાનિ=નુકસાન
કુરીવાજ=નઠારો રીવાજ
ઉદ્યોત=પ્રકાશ
નિરાશ્રિત=આધાર વગરના
ઉદ્ધારવા=તારવા, બચાવવા
કન્યાબોધ=સ્ત્રી કેળવણી
મંડળ=સભા

સમજુતી—આ દુનિઆમા શ્રાવકોને સુખ કેવી રીતે મળે, તથા શ્રાવકોને ઉદ્યમનાં સાધન કેમ મળે? એવા ઉપાય હોંશથી કરવા, તે ખરેખરૂં સાધર્મિ વાત્સલ્ય (સ્વધર્મી ભાઇઓ તરફ ભાવ) કહેવાય છે ૧

સારી સારી બૉર્ડીંગ સ્કૂલો સ્થાપીને ત્યાં બાળકોને ખાવા પીવાનું આપીને ભણાવવા, કે જેથી વિદ્યાનું જ્ઞાન મેળવીને તેઓ વિદ્વાન થાય

એવું કામ કરવામા જે પૈસા-
દાર હોંશથી હમેશ સહાય
આપે છે તે ખરેખરો સાધ
ર્મિવાત્સલ્ય કરનારો (સ્વધર્મી
બંધુઓ ઉપર ભાવવાળો) કહે-
વાય છે ૨

સુધારો કરનારી સભાઓ
સ્થાપીને શહેર અને ગામોને
સુધારે અને નુકશાન કરનારા
નઠારા રીવાજ દૂર કરાવે, વળી
ધર્મના પ્રકાશ કરવા હોંશથી
ધન ખર્ચે તે શ્રાવકોનુ ખરૂં
સાધર્મીવાત્સલ્ય (સ્વધર્મી
બંધુઓ તરફ પ્રેમ) કહેવાય
છે, તે જગમાં વખાણુાય છે. ૩

ગરીબ માણસોને સુખી
કરવાને ફંડ સ્થાપે, અને
હર્ષથી જૈનબંધુને તારવા
પ્રયત્ન કરે, હોંશથી જે જૈન
ની કેળવણી આપવા પ્રયત્ન
કરે તે શ્રાવકોનું સાધર્મી
વાત્સલ્ય (સ્વધર્મી પ્રત્યે સ્નેહ)
ખરેખરો છે અને તે જગમા
વખાણુાય છે. ૪

પાઠ ૫૬ મો.

ઉદ્યોગી=મહેનતુ
નજીવા=માલ વગરના
કંટાળો=અભાવ
નાતાવાળો=મહોબતવાળો,
સ્નેહવાળો
માંડમાંડ=પરાણે
ગોટાળો=ગડબડ
જેલ=તુરંગ, કેદખાનુ.
દીવાળુ=નાદારી કબૂલ કરવી તે

પાઠ ૫૭ મો.

વ્રત=પચખાણ
એકાસણું=એક વખત ભોજન
કરવું તે.
મુશ્કેલી=હરકત
ગતિ=પ્રભાવ

અશુભ=નઠારા
જોગવાઈ=અનુકૂળતા
ભલાઈ=સારાઈ
સાધર્મી=પોતાના ધર્મના
અપંગ=અંગની ખોડવાળો
અનાથ=નિરાધાર

પાઠ ૫૮ મો.

નિત્યકર્મ=હમેશનું કામ
નોંધપોથી=સ્મરણ પોથી
પાઠશાળા=નિશાળ
વ્યવહાર=સંસારી કાર્ય
શાબાશી=વખાણ

પાઠ ૫૯ મો.

દુર્ગુણ=નઠારા ગુણ
મોટાઇ=વડાઈ
હૃદય=મન
કુવાકય=નઠારા વાકય
ભાખે=બોલે

મેંણા=નિંદાના વાકય. કુવચન
પરચિત્ત=બીજાઓનું ચિત
ચીડવે=ખીજવે
ચીડાયે=ખીજવાય
ધરાય=તૃપ્ત થાય
હઠ=દુરાગ્રહ
દોષ=વાંક
કંકાસ=કલહ
કજીઓ=ટંટો
ચાડી=બીજાની વાત ઈર્ષ્યાથી
પ્રસિદ્ધ કરવી તે
અવર=બીજો
વિપરીત=અવળું, ઉલટું
લાગણી=દયા

સમજુતી-જે પોતાના હૃદયમાં ગર્વ રાખે, અને બીજા માણસની સાથે નઠારા વચન બોલે તથા મેંણાંથી બીજાનું મન બાળે, તેમને જન સમજવા નહીં. જૈન કદી તેવી રીતે ચાલેજ નહીં. ૧

જે પોતે મમમાં ખીજાય

ને બીજાને પણ ખીજવે તથા લોભ રાખે ને કોઇ પણ બાબતમા તૃપ્તિ રાખે નહીં, વળી પોતાના જે અવગુણ હોય તે દુરાગ્રહ રાખીને મૂકે નહીં તેમને જૈન સમજવા નહીં. જે જૈનો હોય તે એવી રીતે ચાલે નહીં. ૨

જે કજીઆ ટંટા કરીને કલેશ કરે, તથા રીસ લાવીને ઘણી ગાળો દે, બીજાની ચાડી કરે અને ઉલટી રીતે ચાલે તેમને જૈન સમજવા નહીં. જે જૈન હોય ને એવી રીતે ચાલે નહીં. ૩

જે હૃદયમાં સારી લાગણી રાખે નહીં, તેમ પોતાને મોઢેથી બીજાની નિંદા કરે, કોઇ વખત પણ નમ્રતા રાખે નહીં તે જૈન નથી. જે જૈન હોય તે એવું કરેજ નહીં. ૪

ખંડ ૩ જો.

પાઠ ૬૦ મો.

ગતિ=દશા
હોંશીલો=ઉમંગી
આસ્તિક=ધર્મ ઉપર આસ્તા વાળો.
કોશીશ=યત્ન, મહેનત
નારકી=નરક ગતિ
તિર્યંચ=પશુ, પક્ષીની ગતિ.
દેવતા=દેવ
મનુષ્ય=માણસ

પાઠ ૬૧ મો.

માહિતી=ખબર, જ્ઞાન.
એકેંદ્રયજાતિ=એકેદ્રિયવાળા જીવની જાતિ (વનસ્પતિ વગેરે.)

બેઇંદ્રિયજાતિ=બેઇંદ્રિયવાળા જીવની જાતિ. (અળસીયાં વગેરે)

તેંદ્રિયજાતિ=ત્રણ ઇંદ્રિયવાળા જીવની જાતિ. (કીડી, મંકોડી વગેરે)

ચૌરિંદ્રિયજાતિ=ચાર ઇંદ્રિયવાળા જીવની જાતિ (માખી કંસારી વગેરે)

પંચેદ્રિયજાતિ=પાંચ ઇંદ્રિયવાળા જીવની જાતિ. (મનુષ્ય, પશુ વગેરે)

પાઠ ૧૨ મો.

છકાય=છ જાતિનાં જીવ

પૃથ્વીકાય=માટી પાષાણાદિક જીવ

અપ્કાય=જલાદિ જીવ.

તેઉકાય=અગ્નિ વગેરે જીવ

વાયુકાય=પવનાદિ જીવ

વનસ્પતિકાય=ઝાડપાલાદિક જીવ

ત્રસકાય=જે હાલે ચાલે, અથવા જેને એક કરતાં વધારે ઇંદ્રિય હોય તેવા જીવો

મનન=વિચાર

પાઠ ૧૩ મો.

અડકે ઇં=સ્પર્શ કરીને

શ્રોત્રેંદ્રિય=કાન

ચક્ષુરિંદ્રિય=આંખ

ઘ્રાણેંદ્રિય=નાક

રસનેંદ્રિય=જીભ

સ્પર્શેંદ્રિય=ચામડી

પાઠ ૧૪ મો.

પુદ્ગળ=પાંચ ઇંદ્રિયના વિષયમાં આવી શકે તે પુદ્ગળ

પર્યાપ્તિ=એક જાતની શક્તિ

વિષય=જ્ઞાન

ઉત્પત્તિ=ઉત્પન્ન થવું તે

આહાર=ખાવાનું
પરિણમાવે=ફેરવે; બદલાવે
ભાષા=બોલી

પાઠ ૬૫ મો.

પ્રીતિ=હેત
શક્તિ=બળ
યથાયોગ્ય=બરાબર
ખુબી=કળા

પાઠ ૬૬ મો.

પ્રાણ=જીવન
શ્વાસ=શ્વાસ લેવો તે
ઉચ્છ્વાસ=શ્વાસ પાછો બહાર કાઢવો તે
તીવ્ર=શક્તિવાળો
ચાલાક=હુંશિઆર
શોખી=પ્રીતિવાળો
ખંતીલો=હોંશવાળો
એક્કો=સમર્થ
ઘુંટવું=રોકવું
આયુષ્ય=આવરદા

પાઠ ૬૭ મો.

શંકા=વ્હેમ; સંશય
ઔદારિક=આહાર વગેરે કરવાથી વૃદ્ધિ પામે તેવું શરીર
વૈક્રિય=જુદા જુદાં રૂપો ઇચ્છા પ્રમાણે ધરી શકાય તેવું શરીર.
આહારક=કર્મને ખપાવવા, ચૌદપૂર્વી જે એક હાથનું શરીર કરે છે તે
તૈજસ=ખોરાક પચાવે તે શરીર
કાર્મણ=કર્મરૂપ શરીર
વિકુર્વાય=કરાય, પ્રસારાય
પૂર્વધારી=(પૂર્વ=અમુક વિદ્યા-પરિમાણ, તેને ધારી=ધારનાર)

પાઠ ૬૮ મો.

ઉપયોગ=સાવધાન રહી સાંભળવું તે

દર્શન=સામાન્યતાથી જોવુ. જીવને ચાર પ્રકારના દર્શન હોય છે (૧)ચક્ષુ (૨)અચક્ષુ, (૩) અવધિ (૪) કેવળ

જ્ઞાન=જાણવું તે, તે પાચ પ્રકારનું છે. મતિ, શ્રુત, અવધિ, મનપર્યવ, કેવળ.

અજ્ઞાન=યથાર્થ ન જાણવું તે. અજ્ઞાન ત્રણ પ્રકારનું છે. (૧) મતિ (૨) શ્રુત અને (૩)અવધિ

સમક્તિ=જ્ઞાન અને સારાં પરિણામની દશા,

પાઠ ૬૯ મો.

કર્મ=જે કરાય તે. કર્મ આઠ પ્રકારનાં છે

મતિજ્ઞાન=બુદ્ધિથી ઉપજેલું જ્ઞાન.

મતિજ્ઞાનાવરણીય=મતિજ્ઞાનને અવરણ કરનારૂં (ઢાકનારૂં)

ઉદય=ઉત્પન્ન થવાથી

શ્રુતજ્ઞાનાવારણીય=શ્રુતજ્ઞાનને ઢાકનાર

રૂપીદ્રવ્ય=રૂપવાળા પદાર્થ

અવધિજ્ઞાન=અમુક હદસુધીનું જ્ઞાન

મનપર્યવજ્ઞાન=અઢીદ્વીપમાં સંજ્ઞી પંચેદ્રિય જીવોના મનોભાવ જેથી જાણી શકાય તેવું જ્ઞાન

અરૂપી=પંચેદ્રિય તથા મનથી અગોચર

કેવળજ્ઞાન=લોકાલોકનું સ્વરૂપ જેથી જાણી શકાય તે જ્ઞાન.

સામાન્ય બોધ=વસ્તુનું સામાન્યપણે સ્વરૂપ જોવું તે,દર્શન

વેદનીય=જે કર્મથી જીવને
શરીરદ્વારા સુખદુઃખ
ભોગવવું પડે તે કર્મ
મોહનીય=જીવ જેનાથી મું-
ઝાય (મોહપામે)
તેવાં કર્મ
આયુ=જે કર્મોથી જીવ અમુક
કાળસુધી શરીરમાં રહે તે
તિર્યંચ=પશુ આદિની ગતિ
નારકી=નરકની ગતિ,
અપયશ=ગેરઆબરૂ
ગોત્રકર્મ=જે કર્મથી જીવ સારા
નરસા ગોત્રમા ઉત્પન્ન
થાય તે
અંતરાય=અડચણ

પાઠ ૭૦ મો.

ઈંતેજાર=ઉત્સુક
વ્યાખ્યાન=વખાણ
પ્રભાવ=માહાત્મ્ય
પરવાર્યાં=છૂટા થયા
પર્ષદા=સભા
દાહ=બળતરા
મિથ્યાત્વી=અન્ય મતવાળા
દુર્ગંધ=નઠારી ગંધ
દાનાંતરાય=દાન આપવામાં
અંતરાય (અડચણ)
કરનાર ધર્મ
દીક્ષા=ચારિત્ર
ચકિત=તાજુબ

પાઠ ૭૧ મો.

મનન=વિચાર
પોપટીઉ=પોપટના જેવું, માત્ર
બોલવું પણ અર્થ
ન સમજવો તેવું
ધડકી=ડર, બીક.
દિલાસો=ધીરજ
જીવશબ્દ=શરીરદ્વારાએ જીવ
બોલે તે જીવશબ્દ
અજીવશબ્દ=પથ્થર વગેરેના
પડવાથી શબ્દ થાય તે

મિશ્રશબ્દ=વાજીંત્ર વગેરેથી શબ્દ થાય છે

કષાયલો=તૂરો

લૂખો=ચોપડયા વગરનો

પાઠ ૭૨ મો.

વિષયસેવા=પંચેંદ્રિયના ત્રેવીશ વિષયને સેવવા તે

પાઠ ૭૩ મો.

શાસન=આજ્ઞા

અન્ય=બીજા

થોક=જથો

વિભુ=જ્ઞાનથી સર્વજ્ઞ

મથી=નાશ કરી

સમાપ્ત.

જૈન શાળાઓમાં ઈનામ આપવા

લાયક પુસ્તકો.

1. [illegible] — [illegible]
2. [illegible] — [illegible]
3. [illegible] — [illegible]
4. [illegible] — [illegible]
5. [illegible] — [illegible]
6. [illegible] — [illegible]
7. [illegible] — [illegible]
8. [illegible] — [illegible]
9. [illegible] — [illegible]
10. [illegible] — [illegible]

[illegible]

[illegible] — [illegible]

[illegible] — [illegible]

[illegible] — [illegible]

[illegible] — [illegible]

[illegible] — [illegible]

[illegible] — [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]